# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૧

### ઉમેદવારોના નામોની દરખાસ્ત મંગાવવાની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ મત વિભાગના બોર્ડ સભ્યોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-૭(૨) ના પરંતુક-(૪) મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી માટે જેઓએ ઉમેદવારી નોંધાવવી હોય તેવા અરજદારોએ કોરા ઉમેદવારી પત્રો જે તે જિલ્લાની જિલ્લાશિક્ષણાધિકારી કચેરીમાંથી અને બોર્ડની કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન તા.૨૪/03/૨૦૨૧ થી તા.0૨/0૪/૨૦૨૧ સુધી મેળવી શકાશે. સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ઉમેદવારો માટેની સૂચનાઓમાં દર્શાવેલ આધારો તેમજ નોટરાઈઝ સોગંદનામાનો [નમૂનો – (A)] અને નાં-વાધા પ્રમાણપત્રનો [નમૂનો – (B)] સાથે તા.03/0૪/૨૦૨૧ ને શનિવારના રોજ ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦/બી, જુના સચિવાલયની બાજુમાં, ગાંધીનગરની કચેરી ખાતે બપોરના ૧૫:00 કલાક સુધીમાં રૂબરૂમાં ઉમેદવાર કે ઉમેદવાર દ્વારા નિયુક્ત કરેલ પ્રતિનિધિ મારફતે જમા કરાવીને પહોંચ મેળવી લેવાની રહેશે. ટપાલ કે કુરિયર દ્વારા મોકલાવેલ ઉમેદવારી પત્ર સ્વીકારવામાં આવશે નહીં.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૭/03/૨૦૨૧

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.